# શ્રી એચ.એ. શાહ, ઔદ્યોગિક અદાલત, સુરત સમક્ષ,

## એપ્રુવલ અરજી (આઈ.ટી.) નં.૬૨/૨૦૧૩

## આંક–૨૩ લગત સાંધણ

હાલની અરજી આપી સામાવાળા તરફે વિધ્વાન વકીલશ્રીએ આ એપ્રુવલ અરજીમાં ખાતાકીય તપાસની કાયદેસરતાનો મુદૃો નકકી કરવા અને તેનો પ્રાથમિક મુદૃો કાઢવા તા.૦૨/૦૫/૨૫ ના રોજ આ અરજી આપેલ છે. હાલની એપ્રુવલ અરજી તા.૧૭/૧૦/૧૩ ના રોજ દાખલ થયેલ છે. ત્યારપછી આશરે ૧૨ વર્ષ જેટલો સમય થઈ ગયેલ છે તેમજ કંપની પણ આગ લાગવાથી ૨૦૧૮ ના વર્ષમાં બંધ થઈ ગયેલ છે અને તેનું નામ બદલી ગુજરાત પોલીફીલ્સને બદલે મોડર્ન પોલીટેકસ લીમીટેડ રાખવામાં આવેલ. તે અંગેની સુધારા અરજી થયેલી અને આ એપ્રુવલ અરજીને લગત રેફરન્સ(આઈ.ટી.) નં.૧૫/૨૨ અને રેફરન્સ (આઈ.ટી.) નં.૫૨/૧૨ નો નિર્ણય થઈ ગયેલ છે અને આ કામે કંપની તરફે સોગંદ ઉપર જુબાની આંક–૧૭ થી તા.૧૦/૦૨/૨૩ ના રોજ સોગંદ ઉપરની જુબાની રજુ થયેલ છે. ત્યારપછી આશરે ૨ વર્ષ જેટલા સમય સુધી એક યા બીજા પક્ષકારે ઉલટતપાસ નહી કરતા કામ પેન્ડીંગ રહેલ છે. કંપની તરફે વિધ્વાન વકીલશ્રી બદલાઈ જતા નવા વકીલશ્રીએ હાજર થઈ હાલની અરજી આપેલ છે. જેમાં તેમણે મુખ્યત્વે અરજદારે કરેલ ખાતાકીય તપાસ કાયદેસર રીતે તથા પ્રિન્સીપાલ ઓફ નેચરલ જસ્ટીસ એટલે કે કુદરતી ન્યાયના સિધ્ધાંતના આધારે કરવામાં આવેલ છે કે કેમ ? તેનો મુદૃો કાઢવા આ અરજી કરેલ છે.

સામાવાળા તરફે આંક–૨૪ થી પરમીશન અરજી નં.૨/૧૩ ના કામે રજુ કરેલ ચુકાદાઓને આ કેસમાં રીફર કરવા તથા ધ્યાને લેવા અરજ કરેલ છે. જે મુજબ અરજીના અનુસંધાનમાં સામાવાળા તરફે રજુ કરેલ ઓથોરીટીઓ:

(૧) **૧૯૭૩ એ.આઈ.આર. ૧૨૨૭ (નામ.સુ.કો.)**

**વર્કમેન ઓફ મે.ફાયરસ્ટોન ટાયર વિ. મેનેજમેન્ટ અને બીજાઓ**ની ઓથોરીટીમાં આઈ.ડી. એકટ ૧૯૪૭ માં ૧૯૭૧ માં થયેલ સુધારો જે કલમ–૧૧/એ માં કરવામાં આવેલ. તેના અર્થઘટન બાબતની તકરાર હતી અને તે સુધારેલ કલમમાં તા.૧૫/૧૨/૭૧ એ જયારે તે સુધારો અમલમાં આવ્યો ત્યારે લાગુ પડે કે નહી તે બાબતની ઓથોરીટી છે. જે હાલના કેસને સમર્થન કરતા હોય તેવું વિધ્વાન વકીલશ્રી બતાવી શકેલ નથી.

(૨) **૧૯૭૨ એ.આઈ.આર. ૧૦૩૧**

**દિલ્હી કલોથ એન્ડ જનરલ મીલ્સ કાું. વિ. લુધબુધ સીંઘ**ની ઓથોરીટી જોતાં તેમાં ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટની કલમ–૧૦ અને ૩૩ માં જે ડોમેસ્ટીક ઈન્કવાયરી મેનેજમેન્ટે કરેલ હોય છે, તેમાં હસ્તક્ષેપ કરવા માટે ટ્રીબ્યુનલને સત્તા છે કે નહી તથા વધારાના પુરાવા લઈ શકાય કે નહી તે બાબતની તકરાર હતી અને તેમાં ડોમેસ્ટીક ઈન્કવાયરી યોગ્ય રીતે કરવામાં આવી છે કે નહી તે ટ્રીબ્યુનલે જોવું જોઈએ તેમ ઠરાવેલ છે.

આ જ ઓથોરીટીમાં જણાવ્યા મુજબ ટ્રીબ્યુનલ સમક્ષ આવેલા પુરાવા ગુણદોષ ઉપર યોગ્ય છે કે કેમ ? અને ઈન્કવાયરી બરાબર કરવામાં આવેલ છે કે તે અંગે ટ્રીબ્યુનલે નિર્ણય કરવાનો હોય છે. તેથી ટ્રીબ્યુનલે વધારાના પુરાવા રેકર્ડ પર રજુ કરવા પરવાનગી આપવી કે નહી તે અંગે નિર્ણય કરવાનો હતો. જો કે આ કેસમાં એવી કોઈ તકરાર આ તબકકે આ અરજીમાં લીધેલ નથી.

(૩) **૧૯૭૯ એ.આઈ.આર. ૧૬૫૨**

**શંકર ચક્રવર્તી વિ. બ્રિટાનીયા બિસ્કીટ કાું.લી. અને બીજાઓ**ની ઓથોરીટીમાં ઠરાવ્યા મુજબ આઈ.ડી. એકટની કલમ–૩૩(૨)(બી) અનુસાર ટ્રીબ્યુનલે

ઈન્કવાયરીની વેલીડીટી નકકી કરતી વખતે જયારે તેની તકરાર ઉભી થાય ત્યારે જો પ્રાથમિક મુદ્દો લેવામાં આવે તો પણ પક્ષકારોના પુરાવા રજુ કરવા તક આપવી જોઈએ તેમ ઠરાવેલ છે.

અરજદાર સંસ્થાના વકીલશ્રી શ્રીમતિ એમ.એન. શાહે આ અરજી સંબંધે સખત વાંધો લીધેલ છે અને આ કામ ક્રીટીકલ ઓલ્ડ મેટરમાં હોવા છતાં ૧૨ વર્ષ પછી પણ હાલ આ મુદ્દો ઉઠાવી કેસ લંબાવવા અરજી આપેલ હોવાની રજુઆત કરેલ છે.

ઉપરોકત હકીકતો જોતાં આ અરજીમાં જણાવેલ મુદ્દા સાથે બીજા મુદ્દાઓનો પણ આ કેસમાં નિર્ણય કરવાનો થાય છે. એકમાત્ર ઉપરોકત મુદ્દો કાઢી તેના પુરાવા લેવામાં આવે તો ફરીથી એના એ જ કેસના પુરાવાઓ લેવાનો પ્રશ્ન ઉભો થાય અને મલ્ટીપ્લીકેશન ઓફ પ્રોસીડીંગ થાય તેમ છે.

ઉપરોકત તમામ હકીકતો જોતાં આ કામે આ પ્રકારના મુદ્દાનો નિર્ણય પક્ષકારો તરફે પુરાવા થયેથી, એટલે કે પક્ષકારો જે પુરાવા રજુ કરે તેને ધ્યાને લઈ આખરી મુદ્દાઓનો નિર્ણય કરતી વખતે આ મુદ્દાને ધ્યાને લેવાના માર્ગદર્શન સાથે આ અરજી ફાઈલે કરવાનો હુકમ કરવામાં આવે છે.

**–: <u>હુકમ</u> :–**

સામાવાળાની હાલની અરજી નામંજુર કરવામાં આવે છે.

**સ્થળ : સુરત.**
**તારીખ : ૨૩/૦૫/૨૦૨૫.**

**(એચ.એ. શાહ)**
**જી.જે.૦૦૫૫૦**
**સભ્ય,**
**ઔદ્યોગિક અદાલત,**
**સુરત.**